# અવળચંડાઈના પુરાવા આપતું રહે છે પાકિસ્તાન

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને આઈસલેન્ડ - સ્વિત્ઝર્લેન્ડના પ્રવાસે જવા દેવા માટે પોતાની એરસ્પેસનો ઉપયોગ નહીં કરવા લઈ પાકિસ્તાને ભારત સાથે દુશ્મન દેશ તરીકેનો વ્યવહાર કર્યો છે. એ જ પાક વડાપ્રધાન ભારત સાથે સુમેળની ડાહીડમરી વાતો કરતા હતા અને બંધ થયેલી વાતચીત ફરી શરૂ કરવા માટે મોદીને આજીજી કરતા હતા તે બહુ જૂની વાત નથી. કાશ્મીર અંગેના ઐતિહાસિક નિર્ણય પછી મોદી ફ્રાંસ અને ખાડીના દેશોના પ્રવાસેથી પાછા ફરતાં પાકિસ્તાનની એરસ્પેસનો જ ઉપયોગ કરીને પરત આવ્યા હતા. રાષ્ટ્રપતિ તો દેશના પ્રથમ નાગરિક ગણાય. પાકિસ્તાનના વડાપ્રધાને ભારતના વડાપ્રધાનને એમની એરસ્પેસનો ઉપયોગ કરવા દીધો અને રાષ્ટ્રપતિને નન્નો ભણ્યો તે શું સૂચવે છે? પાકિસ્તાન ઘાંઘું થઈ ગયું છે અને એના નેતાઓને શું બોલવું કે શું કરવું - એ સૂઝતું નથી. કાશ્મીર એમની દુખતી રગ છે, એ કોઈથી અજાણ્યું નથી, પરંતુ કાશ્મીરના બે ભાગ કરી કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેરવી દેવા માટે કે ૩૭૦ અને ૩૫-એ કલમ નાબૂદ કરવા સામે ત્યાંની પ્રજાને કશો વાંધો હોય એવો કોઈ પુરાવો દુનિયાને આજ લગી મળ્યો નથી. એ સાચું કે અલગતાવાદીઓ અને અત્યાર લગી કાશ્મીરને બાપદાદાની જાગીર સમજી વંશ પરંપરાગત વારાફરતી રાજ કરનારા રાજકીય માંધાતાઓ પ્રજાને ઉશ્કેરીને સૈન્ય કે પોલીસ સામે ભિડાવી ન દે એ હેતુથી કેન્દ્ર સરકારે પ્રતિબંધો ચાલુ રાખવા પડ્યા છે. પરંતુ એ તો કાશ્મીરના નિર્દોષ યુવાનો ગેરમાર્ગે ન દોરવાય અને પથ્થરબાજીના ચાળે ચડી સેના કે પોલીસને બળપ્રયોગ કરવા ન પ્રેરે એ માટેનું પગલું છે અને તે કદાચ મહિનાઓ સુધી ચાલુ રહે તો પણ વાજબી જ લેખાશે. વિશ્વમત કાશ્મીરને ભારત-પાકિસ્તાનનો અંગત ઝઘડો માને છે, વળી કાશ્મીરનો વહીવટ કઈ રીતે કરવો તે ભારતનો અંગત પ્રશ્ન છે એ અંગે સ્પષ્ટ થઈ જતાં હવે પાકિસ્તાનને કોઈ વૈશ્વિક સહયોગની આશા રહી નથી. યુનાઈટેડ નેશન્સમાં એને ચીન સિવાય કોઈનું સમર્થન નથી મળ્યું અને ચીનનું સમર્થન પણ ઉપરછલ્લું છે જેનો કોઈ અર્થ નથી રહેતો. પાક વિદેશપ્રધાને ચંદ્રયાન-૨ની આંશિક નિષ્ફળતા વિશે ભદ્દી કોમેન્ટ કરીને જાત બતાવી છે. ‘મૂન’ ઉપર જવાના ફાંફા મારવાનું બંધ કર ! રમકડું મુંબઈમાં ખડી પડ્યું ! - આવી કોમન્ટની વિરુદ્ધ વિશ્વભરમાંથી ભારતીય અવકાશ સાહસને પ્રશંસાનાં પુષ્પો મળ્યાં છે. પાકિસ્તાન માટે કાશ્મીર દુખતી રગ છે અને તેના માટે લોહીના છેલ્લા ટીપા સુધી લડી લેવાની લશ્કરી વડા બાજવાની રજૂઆત અદલ પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોની પેલી વાહિયાત પ્રતિજ્ઞાની યાદ અપાવે છે. એમણે કહ્યું હતું કે કાશ્મીર માટે ભારત સાથે એક હજાર વર્ષ સુધી લડતા રહેવાની અમારી તૈયારી છે. જો કે, એ પછી ૧૯૭૧ની નામોશીભરી હાર પછી એ જ ભુટ્ટોએ ઈંદિરા ગાંધી પાસે આવી શિમલા કરાર પર સહી કરી હતી જેમાં કાશ્મીરનો પ્રશ્ન પરસ્પર સમજૂતીથી ઉકેલવાની અને ત્રીજી કોઈ શક્તિના હસ્તક્ષેપ વગર ઉકેલવાની રજૂઆત થયેલ છે!

# લાયસન્સ કે આર.સી. બુક ના હોય તો પણ પોલીસ તાત્કાલીક મેમો ફાડી શકે નહિ




તારીખ : ૧/૯/૨૦૧૯ થી આર.ટી.ઓ. એ દેશભરમાં ટ્રાફિકના નવા નિયમો લાગુ કર્યા છે. જેના કારણે લોકોને કોઈને કોઈ ડોકયુમેન્ટના અભાવે વધારે રૂપિયા દંડ પેટે ભરવા પડે છે.

સેન્ટ્રલ મોટર વ્હિકલ રૂલ્સના નિયમ ૧૩૯ માં ઉલ્લેખ છે કે વાહન ચાલકે પોતાના ડોકયુમેન્ટ રજુ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવે છે. ટ્રાફિક પોલીસ તરત જ વ્યક્તિનો મેમો ફાડી શકે નહિ નવા મોટર વ્હિકલ એકટ લાગુ થયા બાદથી વાહન રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ (આર.સી. બુક) ઈન્સ્યોરન્સ સર્ટીફિકેટ, પોલ્યુશન અંડર કન્ટ્રોલ (પી. યુ. સી.) ડ્રાવીંગ લાયસન્સ અને પરમીટ સર્ટીફિકેટ તરત જ બતાવવામાં ના આવે તો મેમો ફાડવામાં આવી રહ્યો છે જો સેન્ટ્રલ મોટર વ્હિકલ એકટના નિયમોનુસાર તમારી પાસે ટ્રાફિક પોલીસ કોઈપણ ડોકયુમેન્ટ માંગે તો તરત જ ના બતાવવા એ ગુન્હો નથી.

સેન્ટ્રલ મોટર વ્હિકલ રૂલ્સના નિયમ ૧૩૯ માં ઉલ્લેખ છે કે વાહન ચાલકને પોતાના ડોકયુમેન્ટ રજુ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવે છે.ટ્રાફિક પોલીસ તરત જ વ્યક્તિનો મેમો ફાડી શકે નહિ આનો અર્થ એ છે કે વાહન ચાલક દાવો કરે છે કે તે ૧૫ દિવસમાં ડોકયુમેન્ટ બતાવી દેશે તો પોલીસ કે આર.ટી.ઓ. વાહન ચાલકનો મેમો ફાડી શકે નહિ. આ પછી વાહન ચાલકે તમામ ડોકયુમેન્ટ સબંધીત ટ્રાફિક પોલીસ કે અધિકારીને ૧૫ દિવસમાં બતાવવાના રહે છે.

મોટર વ્હિકલ એકટ ૨૦૧૯ ના નિયમ ૧૫૮ ના આધારે એકસીડન્ટ થાય કે કોઈ ખાસ કેસમાં પણ ડોકયુમેન્ટ બતાવવાનો સમય ૭ દિવસનોમળે છે જો ટ્રાફિક પોલીસ આર. સી. બુક, લાયસન્સ, ઈન્સ્યોરન્સ, પી.યુ.સી. અને પરમીટ સર્ટીફિકેટ તરત જ ન બતાવવા માટે મેમો ફાડે છે તો ચાલક પાસે કોર્ટમાં તેની વિરૂધ્ધ અરજી કરવાનો વિકલ્પ છે.

જો સેકશન ૨૦૭ પ્રમાણે ટ્રાફિક પોલીસ તમે જયાં સુધી માન્ય ડોકયુમેન્ટ બતાવો નહી અને અધિકારી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી તમારૂ વાહન જપ્ત કરવાની સત્તા રાખે છે.

ટ્રાફિક પોલીસ ગેરકાયદેસર રીતે મેમો ફાડે છે તો તેનો અર્થ એ નથી કે વાહન ચાલકે તરત જ મેમો ભરવો પડે તે મેમો કોર્ટનો કોઈ આદેશ નથી તમે તેની વિરૂધ્ધ કોર્ટમાં અપીલ કરી શકો છો. કોર્ટને લાગે કે વાહન ચાલકની પાસે બધા ડોકયુમેન્ટ છે અને તે રજુ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો નથી તો તે દંડની રકમ માફ કરી શકે છે.


જયારે મેમો ફાડે ત્યારે એક સાક્ષીની સહિની જરૂર હોય છે. કોર્ટમાં સમરી ટ્રાયલ સમયે ટ્રાફિક પોલીસે સાક્ષી સાથે રાખવો જરૂરી છે જો પોલીસ સાક્ષી રજુ કરી શકતી નથી તો તેનો ફાયદો વાહન ચાલકને મળે છે. મેમો કોર્ટમાં ભરવાનું જ જણાવવામાં આવે છે. ગુન્હો કબુલ ના હોય તો ટ્રાયલ ચાલે છે.

તાજેતરમાં જ ગુરૂગ્રામમાં યાતાયાતના નિયમોનું ઉલ્લધન કરનારાઓ પર કાર્યવાહી શરૂ કરેલ છે એક ટેન્કર ચાલકનું ૫૯૦૦૦/- નું ચલણ ફાડયું છે. ટેન્કર ડ્રાઈવર પાસે લાયસન્સ, ઈન્સ્યોરન્સ, આર.સી.બુક, પી. યુ.સી. વિગેરે ન હતું ટેન્કરે એક બાઈક ચાલકને ટકર મારેલ અને ત્યારબાદ ડ્રાઈવર મારામારી કરી રહ્યો હતો ચલણ આપ્યા બાદ ટેન્કરને પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યું હતું.

તારીખ : ૧/૯/૨૦૧૯ ની મધ્ય રાત્રીએ નવો મોટર વ્હિકલ એકટ લાગુ થઈ ગયો છે. મોટર વ્હિકલ એકટમાં થયેલા સંશોધન બાદ હવે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવા ઉપર ૧૦ ગણો વધારે દંડ ભરવો પડશે. રાજસ્થાન, બંગાળને છોડીને પુરા ભારતમાં આ કાયદો લાગુ થઈ ગયો છે.

રેલ લાઈટ જમ્પ ઉપર વધ્યો છે દંડ નવા નિયમ અંતર્ગત સીટ બેલ્ટ ના લગાવવા કે જુદા જુદા નિયમોનું પાલન નહિ કરવા ઉપર રૂા. ૧૦૦૦, ૫૦૦૦ દંડ ભરવો પડશે જે પહેલા રૂા. ૧૦૦ હતો. દારૂ પી ને ગાડી ચલાવનાર ઉપર પહેલા ગુન્હા માટે ૬ મહિનાની સજા અને ૧૦૦૦૦ રૂા. સુધીના દંડની જોગવાઈ હતી જયારે બીજી વાર આ ગુન્હો કરે તો ૨ વર્ષ સુધીની સજા અને ૧૫૦૦૦ રૂા. દંડ છે. વગર હેલ્મેટે બાઈક ચલાવનારને ૧૦૦૦ દંડ તથા ૩ મહિના માટે ડ્રાઈવીંગ લાયસન્સ રદ કરવામાં આવશે હવે લોકો દંડ વધતા ટ્રાફિકના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરશે. આર.ટી.ઓ. માં નવા ડ્રાઈવીગ લાયસન્સની અરજીનોભરાવો થઈ ગયો છે. હેલ્મેટ ખરીદનારની સંખ્યામાં પણ મોટો વધારો થયો છે. હિટ એનડ રનના કેસમાં ૨ લાખ જેટલા દંડની જોગવાઈ છે. ઘણા કિસ્સામાં સાધનની કિંમત કરતા દંડ વધારે ચુકવવો પડતો હોય લોકો સાધનો પોલીસને સોંપીને જતા રહેવાના કિસ્સાઓ બનવા પામ્યા છે હવેથી ટ્રાફિક ના નિયમોનું ઉલ્લધંન ભારે પડશે ૫ થી ૧૦ હજાર કમાતા લોકોને જો આટલો ભારે દંડનો મેમો મળશે તો કયાંથી ચુકવશે તે યક્ષ પ્રશ્ન હાલમાં છે. વિદ્યાર્થીઓને સાધનો આપતા મા બાત હવે ચેતી જાય.

# નાની આંખોએ જોયેલા સપનાની સેલ્ફીની બાળકો સમક્ષ પ્રસ્તુતિ કરતા સર્જકોની કેફિયત







ગુજરાતી સાહિત્યમાં બાળ સાહિત્ય એક એવો સાહિત્ય પ્રકાર છે. જેને કયાંય ખાસ મહત્ત્વ આપવામાં આવતું નથી. ઉવેખાયેલા આ સાહિત્યનનું વિવેચન, પ્રોત્સાહન કે પ્રકાશન પ્રત્યે પણ ખુબ જ નિરાશાજનક વાતાવરણ છે. વળી બાળસાહિત્યના નામે ધંધાદારીઓ રંગીન ચિત્રો સાથે ભળતું જ કંઈક છાપી બજારમાં મૂકે છે. જેના કારણે બાળસાહિત્ય એટલે આ એવું ચોક્કસ કહેવું કોણ પણ માટે મુશ્કેલ બને છે. જો કે બાળ વાચકોના પ્રતિભાવો તેમાં કદાચ ઉપયોગી થઈ શકે પણ તે મળતા નથી.અને જે મળે છે. તેને મહત્ત્વ આપવામાં આવતું નથી. આવા વિપરીત સંજોગોમાં પણ બાળ સાહિત્ય રચાતું, વેચાતું, વંચાતું અને બહોળા પ્રમાણમાં પ્રસરતું રહ્યું છે. તેના પાયામાં જે લોકો કં પણ બદલવાની અપેક્ષા વગર આ કામ કરતા હોય તો તેમને પૂછવાનું જરૂર મન થાય કે ‘તમે બાળ સાહિત્ય કેમ લખો છો?’

બાળ સાહિત્યના આપણા વરિષ્ઠ લેખક યશવંત મહેતાના સૂચન અને પ્રેરણાથી પ્રોત્સાહિત મણિલાલ શ્રીમાળી અને કિરીટ દવે બંને સંપાદકોએ ઉત્સાહપૂર્વક બાળ સાહિત્ય સર્જકોને ઈજન પાઠવ્યું. જેના પ્રતિભાવ રૂપે ૩૫ જેટલા બાળસાહિત્ય ક્ષેત્રે કાર્યરત પ્રતિષ્ઠિત અને નવોદિત લેખકોએ ‘હું બાળ સાહિત્ય કેમ લખું છું’ એવા પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે પ્રતિભાવો લખી મોકલ્યા તેના સંપાદિત પુસ્તકની વાત કરવી છે.

‘હું બાળ સાહિત્ય કેમ લખું છું’ પુસ્તકને લબ્ધપ્રતિષ્ઠિત બાળ સાહિત્યકાર નવટર પટેલની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે. જેમાં તેમણે ગુજરાતી બાળસાહિત્ય કરવટ બદલે, સહી બદલાય તેમ સાહિત્ય સર્જન પણ બદલાય અને આવનારી પેઢી નવો ચીલો ચાતરે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. તો યશવંત મહેતા આ કામને અસાધારણ તરીકે મૂલવે છે અને જણાવે છે કે, ‘કશા દંભી, સ્વાર્થ અને બદલાની ઈચ્છા વગર કામ કરનારા પણ છે. અમારા મતે બાળકો માટે લખનારા અને બાળકોના હક્ક, હિત, વિકાસ, શિક્ષણ માટે કામ કરનારા વંદનીય છે. બાળખો માટે લખવું એટલે બદલાની માન-સન્માની અપેક્ષા વગર લખવું.’

આ સંપાદનમાં ગાંધીનગરના ત્રણ સાહિત્ય સર્જકોની કેફિયત રજૂ થઈ છે. ફિલિપ કલાર્ક, નવટર હેડાઉ અને પ્રજ્ઞા પટેલ. આ સંપાદનમાં બાળ સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર હરિકૃષ્ણ પાઠક, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ, ધીરુબહેન પટેલ જેવાના પ્રતિભાવો મેળવવાના રહી ગયા હોય તેવું લાગે છે અહીં, ડૉ. બહેચરભાઈ પટેલ લખે છે કે, ‘દરેક મોટા માણસની ભીંતરમાં તેનું શૈશવ રહેતું હોય છે. એટલે પ્રૌઢવયે બા.સા. સ્વાભાવિક રીતે જ રચાતું હોય છે.’ તો જયંતિ ધોકાઈ કહે છે, ‘નાના બનીને સહજતાથી બા.સા. સર્જાય તો તે બાળકના હેતાળ હૈયાને સ્પર્શી શકે.’ રક્ષાબહેન પ્ર. દવે તેમના પ્રતિભાવમાં કેમ શબ્દના બે અર્થ આપી વાત કરે છે. તો ઈશ્વર પરમાર, શ્રદ્ધા ત્રિવેદી અને રવિન્દ્ર અંધારિયા બાળકોને વાર્તા કહેવાની અનિવાર્યતાને સર્જન માટે જવાબદાર ગણે છે. બાળક મારા હૃદયમાં વસે છે. બાળકોને એમની પસંદગીનું આધુનિક સંદર્ભ વાળું સાહિત્ય આપવાની હું મારી ફરજ સમજું છું. તો ‘જગતમિત્ર’ કહે છે કે, ‘મેં તો ગળથૂથીમાં જ બા.સા.નો રસ પીધેલો, તે કેમ કરીને મૂકું ?’ પીઢ બાળ સાહિત્યકાર કરસનદાસ લુહાર કહે છે કે બાળમાનસના જાણકાર હોય એ જ સાચું બા.સા. સર્જી શકે. મહેશ સ્પર્શનો બા.સા. સર્જનનો હેતુ નાની નાની આંખોએ જોયેલા અદ્‌ભૂત સપનાંઓની સેલ્ફી લઈ તેને બાળકો સમક્ષ પ્રગટ કરવાનો છે. તો કડીના શિક્ષક ડૉ. ધર્મેન્દ્ર પટેલ બાળકોની વાર્તાની માંગને પહોંચી વળવા બાળ વાર્તાઓ લખતા હોવાનું જણાવે છે. આ પુસ્તક બાળ સાહિત્યનું સર્જન કરનારા લેખકો, કવિઓ ઉપરાંત શિક્ષકો અને વાલીઓને પણ પ્રેરક નીવડે તેવું છે. ત્યારે આવું અસાધારણ દસ્તાવેજીકરણનું કામ કરનાર બંને સંપાદકોને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

**‘હું બાળ સાહિત્ય કેમ લખું છું’**
**સંપાદકો : મણિલાલ શ્રીમાળી ‘મિલન’ અને કિરીટ દવે**
**પ્રકાશક - વસુંધરા પ્રકાશન અમદાવાદ.**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯**
**કિંમત - રૂા. ૧૬૫/-**

# જરૂરી નથી બધે તલવારો લઈને ફરવું, ધારદાર ઈરાદાઓ જ વિજેતા બનાવે છે જીવનમાં!




જરૂરી નથી બધે તલવારો લઈને ફરવું,
ધારદાર ઈરાદાઓ જ વિજેતા બનાવે છે જીવનમાં !

સત્યનો જ જય છે અને સત્ય જ મનુષ્યનો પરમ ધર્મ છે. આવી વાતો આપણે સૌ ધર્મસૂત્ર તરીકે સ્વીકારીએ છીએ. પણ વ્યવહારમાં આપણે એમાં બાંધછોડ કરીને છૂટછાટ લઈ જ લેતા હોઈએ છીએ. વાણિયો કહેશે વેપારમાં તો જૂઠું બોલવું જ પડે, ત્યાં માત્ર સત્યથી કામ ન ચાલે ! તો વળી રાજકારણી કહેશે અમારા ક્ષેત્રમાં તો સાચાનું જૂઠું કરવાની કળા એ જ સફળતાની ચાવી છે! બ્રાહ્મણ કહેશે ધર્મમાર્ગે લોકોને ભ્રમમાં રાખવા એ જ ધર્મની સેવા છે, અને મજૂરવર્ગ કે નાના-નાના ગલ્લાઓ પર બેસનાર એક સાવ સામાન્ય માણસ પોતાના કામને સંપૂર્ણપણે નિષ્ઠાપૂર્વક અને ખંતથી કરે ત્યારે તેની નોંધ લેવી જ રહીં ! ફ્રેન્ક હોલપીન લિખીત આવી જ એક ઘટનાની નોંધ તે સમયે ‘ન્યુયોર્ક ટાઈમ્સ’ જેવા પ્રતિષ્ઠિત અખબારે લીધી જેનો અનુવાદિત લેખ આ મુજબ છે :

‘ફેરિયાને ગાળો બદલ ન્યાયાધીશને દંડ’ : ત્રણ લીટી જેટલા મોટા અક્ષરોના એવા મથાળા હેઠળ ‘ન્યુયોર્ક ટાઈમ્સ’ દૈનિકને પહેલે પાને, રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય મહત્ત્વના બીજા સમાચારોની હરોળમાં, એ બનાવના ખબર છપાયા હતા. તેમાં વાત હતી ન્યૂયોર્કના પરાવિસ્તારની એક અદાલતના ન્યાયાધીશની અને થોમસ નામનાં ફેરિયાની. ૩૭ વર્ષના થોમસભાઈ અદાલતની નજીક પોતાની ગાડી ઊભી રાખીને કૉફી ને સેન્ડવીચ વેચવાનો ધંધો કરતા.

એક દિવસ ન્યાયાધીશ પોતાની કોર્ટમાં બિરાજેલા હતા. વાહનવ્યવહારના કાયદાના ભંગના ખટલા ચાલતા હતા. તેમાં ન્યાયાધીશે થોમસની ગાડીએથી કૉફી લઈ આવવા એક હવાલદારને મોકલેલો. કૉફીનો ઘૂંટડો ભરતાંની સાથે જ એના સ્વાદ બાબતનો બુલંદ પ્રત્યાઘાથ અદાલતમાં સંભળાયો.

હવે એમણે હવાલદારની સાથે બે પોલીસને પણ થોમસની ગાડી પર મોકલ્યા. જઈને એમણે સંભળાવ્યું : ‘જજ સાહેબ બોલાવે છે - કૉફી તો કાળા કોપની છે!’

‘મશ્કરી કરો છો કે શું, હવાલદાર !’ થોમસ બોલી ઊઠ્યો. પણ પેલાઓ બિલકુલ હસવાના મિજાજમાં નહોતા. ફેરિયોન હાથકડી પહેરાવીને કોર્ટ-ચોગાનમાંથી કૂચકદમ કરાવતા જજની ચેમ્બરમાં હાજર કરવામાં આવ્યો.

થોમસની કેફિયત મુજબ, ‘એને જોતાં જ જજ સાહેબ બરાડી ઊઠ્યા : ‘કૉફીમાં પાણી જ ધબેડ્યું છે ને !’

૧૯૭૫ના એપ્રિલની એ એક સાંજ હતી. તે પછી લાગટ બાર મહિના સુધી કોર્ટના કર્મચારીઓએ થોમસની ગાડીનો બહિષ્કાર કર્યો, ને અંતે તેને એ ધંધો બંધ કરવો પડ્યો. પોતાનું અપમાન કરવા બદલ અને આર્થિક નુકશાની બદલ તેણે ન્યાયાધીશ પર દાવો માંડ્યો. પરિણામે ન્યાયાધીશોની વર્તણૂક અંગેના રાજયના પંચ સમક્ષ પ્રથમ તો જજ સાહેબને તેડાવવામાં આવ્યા. ત્યાં ખોટી જુબાની આપવા બદલ પાછળથી હાઈકોર્ટે એ જજને વરસે ચાર લાખ રૂપિયાના પગારવાળા હોદ્દા પરથી બરતરફ કર્યા. નોકરીમાંથી ફારેગ થઈને એમણે પછી વકીલાત કરવા માંડી.

દરમિયાન ફેરિયાએ માંડેલો પેલો ખટલો ચાલ્યો. તેના ચુકાદાને આગલે દિવસે ભૂતપૂર્વ જજ સાહેબ અને તેમની વીમા કંપનીએ ફેરિયાને બે લાખ ડૉલર ચૂકવીને સમાધાન કરવાની તૈયારી બતાવી. પણ હવે સરકારના બેકારી ભથ્થાં પર ગુજારો કરતા થોમસે ના પાડી - સમાધાન નહીં, મારે ન્યાય ખપે.

બીજે દિવસે જુરીએ ચુકાદો આપ્યો કે થોમસના નાગરિક અધિકારોનો ભંગ થયો હતો, તેથી જજ અને હવાલદારે મળીને તેને નુકશાનીના ૮૦,૦૦૦ ડૉલર ચૂકવવાના, ઉપરાંત જજે એકલાએ બીજા ૬૦,૦૦૦ અને પોલીસે ૧,૦૦૦ ડૉલર નુકશાનીરૂપે આપવાના.

‘ટાઈમ્સ’ છાપાના પ્રતિનિધિ થોમસે જણાવ્યું કે પ્રતિવાદી તરફથી સમાધાનરુપે આ નુકશાનીના કરતાં પણ મોટી રકમ મળવાની હતી, તેનો અસ્વીકાર કરવા બદલ પોતાને અફસોસ નહોતો. સત્તાધારીને હાથે જેને અપમાન વેઠવું પડ્યું હોય તેવો સામાન્ય નાગરિક ખંતભેર મથામણ કરે તો અંતે ઈન્સાફ મેળવી શકે છે, તે એને સાબિત કરવું હતું.


આ મુલાકાતના અહેવાલની સાથે ‘ન્યૂયોર્ક ટાઈમ્સ’માં પ્રગટ થયેલી છબીમાં થોમસભાઈ પોતાને ઘેર બેઠાં બેઠાં જુરીની ચુકાદાની ખુશાલી માણતા દેખાતા હતા - બેશક, કૉફીના કપથી સ્તો!

**Last Seen :**


પ્રામાણિકતા રાખવી એ કોઈના ઉપર ઉપકાર નથી.
પણ પોતાના હિતની એક શ્રેષ્ઠ વિચારધારા છે.

- nehalgadhavi101@gmail.com


# અણુબોમ્બના જનક રોબર્ટ ઓપનહેમર થકી હાઈડ્રોજન બોમ્બનો વિરોધ




દુનિયાને સત્ય અને અહિંસાનો પાઠ ભણાવનાર મહાત્મા ગાંધીએ અંગ્રેજોને હિંદ છોડોની ૧૯૪૨ની હાકલ ૮ ઓગસ્ટે કરી અને ૧૯૪૨ના આ ઘટનાક્રમે બ્રિટિશ શાસકોને ઉચાળા ભરી જવા માટે વિચારવા પ્રેર્યા. ભારતના ભાગલા પાડીને ભારત અને પાકિસ્તાનની રચના ઉપરાંત દેશી રજવાડાંને સ્વતંત્ર કરીને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટિશ શાસકો સ્વદેશ ચાલ્યા ગયા. એ પહેલાં ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધનો અંત આણવા માટે નિમિત્ત બનેલા અણુબોમ્બના જનક જે.(જુલિયસ) રોબર્ટ ઓપનહેમર (ઓપી) (૨૨ એપ્રિલ ૧૯૦૪-૧૮ ફેબ્રુઆરી ૧૯૬૭)ના અણુબોમ્બ અને એના સફળ પરીક્ષણને ભારત અને ભારતીય તત્વજ્ઞાન સાથે સીધો સંબંધ હોવાની હકીકતથી બહુ ઓછા લોકો વાકેફ હશે. યહૂદી



ઓપી (Oppie)ની રવિયા યુદ્ધને રોગ કહેનાર એની (Einie) એટલેકે આલ્બર્ટ આઈનસ્ટાઈન સાથેની પ્રિન્સ્ટનની ઐતિહાસિક ‘પશ્ચાતાપ’ મુલાકાત ‘લાઈફ’માંપ્રગટ થઈ હતી.



અણુબોમ્બના સંસ્કૃતપ્રેમી જનક રોબર્ટ ઓપનહેમર (તસવીર સૌજન્ય: બેટમેન આર્કાઈવ્ઝ)

ઓપનહેમર હાર્વર્ડમાં ભણતો હતો ત્યારથી એને હિંદુ ધર્મગ્રંથોમાં રસ પાડવા માંડ્યો હતો. એ બર્કલેમાં ભૌતિકશાસ્ત્રનો પ્રાધ્યાપક હતો ત્યારે વર્ષ ૧૯૩૩માં પ્રાધ્યાપક રાયડર પાસે સંસ્કૃત શીખ્યો.વલ્લભવિદ્યાનગરસ્થિત વી.પી.સાયંસ કોલેજના આચાર્ય રહી ચુકેલા અમેરિકા-વિદ્યાનગરનિવાસી ૮૯ વર્ષીય ભૌતિકશાસ્ત્રી પ્રા.આર.પી.પટેલ અણુબોમ્બના શોધકની મનોવ્યથા રજૂ કરતાં કહે છે : “ભારે જહેમત પછી ૧૬ જુલાઈ ૧૯૪૫ના રોજ એણે એટમબોમ્બનું ન્યૂ મેક્સિકોમાં સફળ પરીક્ષણ કર્યું ત્યારે ઓપનહેમરે હરખ કરતાં વેદનાનો ભાવ વ્યક્ત કરવા માટે ભગવદ ગીતાના શ્લોકનું જાહેર પાઠ (રિસાઈટ) કર્યો હતો. એણે પોતાની ફરજના ભાગરૂપે જ અણુબોમ્બ બનાવ્યો,પણ એને જાણ હતી કે એ દુનિયામાં વિનાશની લીલા પાથરશે. એટલેજ એણે ગીતાએ પ્રબોધેલા ઉપદેશને અનુસરીને પોતાના થકી વિનાશિકાનું સર્જન થયાની ગ્લાનિ અનુભવી હતી.’’

લિટલ બોય-ફેટ મેનથી વિનાશ

અમેરિકી હવાઈ ટાપુઓ પર્લ હાર્બર બંદર પર ૯ ડિસેમ્બર ૧૯૪૧ની અંધારી રાતે હુમલો કરીને યુદ્ધ જહાજો તોડવા ઉપરાંત ૨૪૦૩ અમેરિકીઓને મોતને ઘાટ ઉતારવાની અળવીતરાઈ ક્યારેક શાંતિનો

- જુલાઈ ૧૯૪૫માં એટમ બોમ્બ શોધનાર ઓપીએ ૧૯૩૩માં સંસ્કૃત શીખી ભગવદ્ ગીતાનો અનુવાદ કર્યો
- યહૂદી અમેરિકી વૈજ્ઞાનિકે ફરજના ભાગ રૂપે સર્જેલા દૈત્યના પરીક્ષણ ટાણે અધ્યાય-૧૧ના શ્લોકનું પઠન
- હિરોશિમા-નાગાસાકી પર ફેંકાયેલા વિનાશકારી બોમ્બ પહેલાં જ શોધકને એની વિનાશક્ષમતાનો અંદાજ
- ઓપીનું દર્શન સાચું પડ્યું : બીજા વિશ્વયુદ્ધ પછી કોઈ વિશ્વયુદ્ધ ઇચ્છતું નથી અને હિંમત પણ કરતું નથી

આલાપ કરતા જાપાને કરીને જ અમેરિકાને દ્વિતીય વિશ્વયુદ્ધમાં જોડાવા માટે ફરજ પાડી હતી. કોરિયા અને ચીનમાં લશ્કરી અત્યાચારની સાથે જ પ્લેઝર વીમેનને નામે અમાનવીય ઐયાશી માટે નામચીન જાપાનની સાન ઠેકાણે લાવવા માટે ૬ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ એક અમેરિકી બોમ્બર બી-૨૯ મારફત હિરોશિમા પર અણુબોમ્બ (“લિટલબોય”) ફેંકવામાં આવ્યો.આ બોમ્બની અસર એટલી વ્યાપક હતી કે તેનાથી લગભગ એક લાખ ૪૦ હજાર લોકો માર્યા ગયા.આમ છતાં જાપાને શરણાગતિ સ્વીકારી નહીં એટલે ત્રણ દિવસ રહીને એટલેકે ૯ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ બીજો અણુબોમ્બ (“ફેટ મેન”) નાગાસાકી પર ઝીંકવામાં આવ્યો.એનાથી વધુ ૭૦ હજાર લોકો મરતાં જાપાનના હાંજા ગગડી ગયા. એણે શરણાગતિનું મન બનાવી લીધું. અહીં બે લાખ જાપાની અને ૧૨,૫૨૦ અમેરિકીઓના જાન ગયા. જાપાનના શહેનશાહ હિરોહિતોએ ૧૫ ઓગસ્ટના રેડિયો સંબોધનમાં શરણાગતિ જેવો શબ્દપ્રયોગ ના કર્યો,પણ યુદ્ધનું પરિણામ જાપાનની તરફેણમાં નહીં આવ્યાનું જરૂર કબુલ્યું. વાસ્તવમાં ૨ સપ્ટેમ્બર ૧૯૪૫ના રોજ શરણાગતિ સ્વીકારી.એ અંગેના લિખિત કરાર થયા. જર્મન સરમુખત્યાર એડોલ્ફ હિટલરના પોલેન્ડને ગપચાવવાના સપ્ટેમ્બર ૧૯૩૯ના અટકચાળાથી ઘટનાથી આરંભાયેલું દ્વિતીય વિશ્વયુદ્ધ છેક ૧૯૪૫માં સમાપ્ત થયું.

રોબર્ટ ઓપનહેમરનો સંસ્કૃતપ્રેમ

ગીતાનો અંગ્રેજીમાં અનુવાદ પણ કરનાર ઓપનહેમરે ગીતાના તત્વજ્ઞાનમાંથી (૧) ફરજ (૨) નિયતિ અને (૩) શ્રદ્ધાને પોતાના જીવનમાં આત્મસાત કર્યાનું અનુભવાય છે. અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યમાં આવેલા લોસ અલામોસમાં એટમબોમ્બ બનાવનાર પ્રયોગશાળાના નિયામક ઓપનહેમરે ૧૬ જુલાઈ ૧૯૪૫ના રોજ ટ્રિનિટી ખાતે રણમાં આ બોમ્બના પરીક્ષણ વેળા અત્યંત પ્રકાશિત અગનગોળો જોયો ત્યાર પછી થોડાજ કલાકોમાં તેમના મનમાં હિંદુ ધર્મગ્રંથ – ભગવદ્ ગીતામાંના શબ્દો પ્રગટ્યા હતાઃ

કાલોઽસ્મિ લોકત્રય કૃત્પ્રવૃદ્ધો
લોકાન્ સમહર્તુમિહ્ પ્રવૃત્તઃ।
ઋતેઽપિ ત્વા ન ભવિષ્યન્તિ સર્વે
યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ॥

અર્થાત્

કિશોરલાલ મશરૂવાળાના “ગીતાધ્વનિ”માંના સમશ્લોકી અનુવાદ મુજબ,

છું કાળ ઊઠ્યો જગનાશકારી,
સંહારવા લોક અહીં પ્રવર્ત્યો;
તારા વિનાયે બચશે ન કોઈ
જે આ ખડા સૈનિક સામસામા.
(ભગવદ્ ગીતા અધ્યાય : ૧૧ શ્લોક : ૩૨)

પ્રા.પટેલ લખે છે કે ઓપનહેમરે ૧૯૩૦ના દાયકામાં ગીતાનો અનુવાદ શરૂ કર્યો ત્યારથી પશ્ચિમની દ્રષ્ટિએ હિંદુ સાહિત્યમાં ગીતાએ અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગીતાની લોકપ્રિયતા તથા અધિકારિતાની છેલ્લાં ૧૦૦૦ વર્ષોમાં કોઈ બરોબરી છે નહીં. ગીતાના અભ્યાસથી તેની માન્યતા બંધાઈ હતી કે વૈજ્ઞાનિકોએ જીવનના સંઘર્ષોમાંથી દૂર એવી શાંત સુરક્ષિત જગાઓનો ત્યાગ કરી નિઃસ્વાર્થથી પરંતુ અસરકારક રીતે કાર્ય કરવું જોઈએ.

બોમ્બ સાથેના સંબંધથી ખિન્ન

એકવાર અણુબોમ્બ કરતાં પણ વધુ ભયાનક હાઈડ્રોજન બોમ્બ બનાવવાની ભલામણ કરતી વખતે પણ ઓપનહેમરને નૈતિક ડર જરૂર લાગ્યો હતો. પરમાણુ શસ્ત્રો અખિલ માનવ જાતિનો કોઈ દિવસ સર્વનાશ કરે ખરાં, પરંતુ તે બીજા લોકોએ કરેલા નિર્ણયોને કારણે (અમેરિકી રાષ્ટ્રપતિઓ)અને નહીં કે ઓપનહેમરને કારણે. તેણે માત્ર તેનું કર્મ-જોબ-કર્યું હતું.પાછળનાંવર્ષોમાં તે તેના બોમ્બ સાથેના સંબંધથી ખૂબ જ ખિન્ન થયો હતો.બોમ્બનાં ભયાનક પરિણામોથી તે, માનવતાના દ્રષ્ટિબિંદુથી અપરાધભાવ અનુભવતો હતો, પરંતુ સાથેસાથે તે બનાવવામાં અત્યંત મહાન સિદ્ધિનો સંતોષ પણ અનુભવતો હતો.તેના મૃત્યુના કેવળ થોડા મહિનાઓ અગાઉ, એટમિક બોમ્બિંગ વિશેનાં પરિણામો વિશે તેની દલીલો કેવળ લવારી જેવી હતી. એ કહેતો કે “મારે કરવું જોઈતું હતું તે મેં કર્યું હતું તે અગત્યનું છે.’’ લોસ અલમોસમાં (અમેરિકામાં ન્યૂ મેક્સિકોમાં આવેલી આ ભોમકા અણુબોમ્બ વિકસાવવા માટેનું કેન્દ્ર રહી) તે નિર્ણય લઈને અમલમાં મૂકવા ઈચ્છતો હતો અને ગીતાની ફિલસૂફીએ તેમ કરવામાં તેણે મદદ કરી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી કોઈ વિશ્વયુદ્ધ ઈચ્છતું નથી અને હિંમત પણ કરતું નથી.ઓપીનું દર્શન સત્ય

અનુસંધાન પાના નં ૭ પર